પીઇસીના ઘઉંની નિકાસ માટે દુબઈની પેઢીએ ટન દીઠ ૩૦૫.૧૦ ડૉલરની સૌથી ઊંચી બીડ ભરી

નવી દિલ્હી, તા. ૨૬ : સરકારી એજન્સી પીઇસીને ઘઉંની નિકાસ માટે દુબઈની અલ ફુરેઇજ કંપનીની સૌથી ઊંચા ભાવ દીઠ ટન દીઠ ૩૦૫.૧૦ ડૉલરની બીડ મળી છે. આ એજન્સી કંડલા પોર્ટ મારફત સરકારી સ્ટોકમાંથી ૪૦૦૦૦ ટન ઘઉં નિકાસ કરવા ધારે છે.

તો પીઇસીને ગંગાવરમ અને ક્રિષ્ણાપટ્ટનમ ખાતેથી નિકાસ કરવા સિંગાપોરની કોન્કોર્ડિયાની ૩૦૦૦૦ ટન માટેની બીડ સામે ટન દીઠ ૩૦૩.૧૦ ડૉલર અને ૪૦૦૦૦ ટન માટે ૩૦૧ ડૉલરની બીડ મળી છે.

છેલ્લા બે દિવસમાં ત્રણ સરકારી એજન્સીઓ એમએમટીસી, એસટીસી અને પીઇસીની બીડ ખૂલી તેમાં અન્ય તેની તુલનામાં પીઇસીને સારો પ્રતિસાદ મળ્યો છે.

બુધવારે એસટીસીને સુદાનની પ્રોમિસિંગ ઇન્ટરનેશનલ ટ્રેડિંગ કું.ની ટન દીઠ ૩૦૪.૨ ડૉલરની બીડ મળી હતી તો એમએમટીસીને એક લાખ ટન ઘઉંની નિકાસ માટે સરકારના લઘુતમ નિકાસભાવ ૩૦૦ ડૉલર કરતાં નીચા ભાવની બીડ મળી હતી. આથી તે બીડ કેન્સલ કરી દેવાઇ હતી. અત્રે સ્પષ્ટ કરે છે કે ગ્લેન્કોરે ગુરુવારે પીઇસીના કંડલા પોર્ટના ટેન્ડર માટે ટન દીઠ ૩૦૩.૩૭ ડૉલરની બીડ ભરી હતી, જ્યારે એસટીસીના બુધવારના ટેન્ડર માટે બીજા નંબરના સૌથી મોટા બીડર એટલે કે ટન દીઠ ૩૦૧.૮૭ ડૉલરની બીડ ભરી હતી. પીઇસીના કંડલા પોર્ટના સોદા માટેના અન્ય બીડરમાં એમ્મસન્સ ઇન્ટરનેશનલે ૩૦૩.૮૯ ડૉલર અને કોન્ડોર્ડિયાએ ૨૯૪.૨૫ ડૉલરની બીડ ભરી હતી.

ગયા વર્ષમાં આ એજન્સીએ સરકારના સ્ટોકમાંથી ૩૦ લાખ ટન નિકાસ કરી હોવાની ધારણા હતી તો ખાનગી વેપારીઓ દ્વારા સૂચિત ગાળામાં ૨૬ લાખ ટનની નિકાસ કરાઇ હતી.

પહેલી એપ્રિલથી શરૂ થયેલા ચાલુ નાણાકીય વર્ષમાં સરકારી સ્ટોકમાંથી પાંચ લાખ ટનની તો ખાનગી વેપારીઓ દ્વારા ૩-૪ લાખ ટનની નિકાસ થયાનું અંદાજાય છે.

ખાંડની આયાતમાં ઉછાળાની શક્યતા

નવી દિલ્હી, તા. ૨૬ : વિશ્વમાં ખાંડના મોટા વપરાશકાર ભારત દ્વારા તેની આયાતમાં ઉછાળો આવે એવા નિર્દેશો મળી રહ્યા છે. ખાસ કરીને ખાંડના વૈશ્વિક ભાવ તૂટી ત્રણ વર્ષની નીચી સપાટીએ ઉતરી ગયા છે.

પહેલી ઓક્ટોબરથી પ્રોસેસરોએ ૧૧ લાખ ટન કાચી ખાંડની આયાત કરી છે, જેમાં સ્થાનિક બજારમાં વેચવા માટે ૪,૬૮,૦૦૦ ટનનો સમાવેશ થાય છે. વધારાની ૪,૧૬,૦૦૦ ટનના આગામી મહિનાઓમાં ડિલિવરી પેટે કોન્ટ્રેક્ટ થયા છે.

ન્યૂ યોર્ક બજારમાં ખાંડના ભાવ બુધવારે ૩૪ મહિનાની ન્યૂનતમ સપાટીએ ગયા હતા. તેનું કારણ બ્રાઝિલમાં તેનું ઉત્પાદન વધી રહ્યાના નિર્દેશો રહ્યા છે. ૨૦૧૨-૧૩માં તેનું ઉત્પાદન તેની વપરાશ કરતાં ૧૦૦ લાખ ટન વધુ રહેશે. જે તેમાં બીજી સિઝનમાં પણ માલ ભરાવાની શક્યતા વધી ગઈ છે, એમ લંડનસ્થિત ઇન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઇઝેશને જણાવ્યું હતું.

આયાત વધતાં ઘરઆંગણે ખાંડના ભાવ પર દબાણ વધશે. સ્થાનિકમાં તેમાં સરપ્લસની સ્થિતિને જોતાં ખાંડની આયાતની જરૂરિયાત નથી. પહેલી ઓક્ટોબરે તેમાં માલભરાવો ૪૫ ટકા વધીને ૦૭ લાખ ટનને સ્પર્શે એમ જણાય છે. જે વર્ષ પૂર્વે ૬૭ લાખ ટન હતો. આ જોતાં ત્રણ મહિનાની ૫૮ લાખ ટન માટેની માગને લક્ષમાં રાખતા નિકાસભર સરપ્લસ ૩૮.૭ લાખ ટનની રહેશે. આમ ખાંડમાં ભાવિ વલણ ઘટાડાત્મક આગળ વધે એવી શક્યતા છે, જે ૧૯૯૨ પછી સૌથી લાંબો ઘટાડો ગણાવી શકાય.

આવકવેરા ખાતામાં વધુ ૨૦,૭૫૧ નવા હોદ્દા ઊભા કરાશે

નવી દિલ્હી, તા. ૨૬ : કેન્દ્રની કેબિનેટે આવકવેરા ખાતામાં નવા ૨૦,૭૫૧ હોદ્દા ઊભા કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે, જેમાં ૧૩૪૯ નવા ઇન્ડિયન રેવન્યુ સર્વિસ (આઇઆરએસ)ના હોદ્દા અને ૧૯,૪૦૨ નોન-આઇઆરએસ કેડર્સના હશે. આ નિમણૂકો અમુક સમયમાં કરાશે, એમ નાણાપ્રધાન ચિદમ્બરમે જણાવ્યું હતું.

આ હોદ્દેદારોના સર્જન લઈને વાર્ષિક રૂા. ૪૫૦ કરોડનો ખર્ચ વધશે તો સામે રૂા. ૨૫,૦૦૦ કરોડની વધારાની આવક ઊભી થશે એમ ચિદમ્બરમે વધુમાં જણાવ્યું હતું.

આ ઉપરાંત સેન્ટ્રલ બોર્ડ ઑફ એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સમાં પણ વધુ હોદ્દાઓ ઊભા કરવાની યોજના છે. આ વિભાગમાં આડકતરા વેરા જેવા કે કસ્ટમ ડ્યૂટી, આબકારી જકાત અને સર્વિસ ટેક્સ સમાવિષ્ટ છે.

સામાન્ય રેવન્યુ ખાતા દ્વારા વધુ આવક ઊભી થશે અને કરદાતાઓને સારી સેવા ઉપલબ્ધ બની રહેશે એમ ચિદમ્બરમે વધુમાં ઉમેર્યું હતું.

બાળકો માટેનાં રોકાણ આયોજનમાં શું ધ્યાનમાં રાખવું ?

ઘણાં લોકો તેમની વીસીમાં જ રોકાણ શરૂ કરી દે છે. માત્ર તમારા માટે જ નહીં, પરંતુ સંતાનો બહુ નાના હોય ત્યારથી જ તેમના માટે રોકાણનો વિચાર કરવો જોઈએ. વહેલી શરૂઆત કરવાથી રોકાણની વણી તક મળશે અને લાંબે ગાળે નાણાંમાં વૃદ્ધિ થશે એ તમારો ફાયદો છે. કેટલાક પ્રકારનું નિયમિત રોકાણ અને લક્ષ્ય હાંસલ કરવા વર્ષો સુધી એ શિસ્ત જાળવી રાખવી એ એક પડકાર છે. બાળકો માટે રોકાણનું આયોજન કરતી વખતે કેટલાંક પરિબળ ધ્યાનમાં રાખવાં જોઈએ.

મૂળભૂત બાબત પર ધ્યાન આપવું

નાણાકીય સાક્ષરતા વધારવાની જરૂર છે. આ પરિભાષા અને તેના ચોક્કસ અર્થ વિષે વ્યક્તિ ગુંચવણમાં છે. સાક્ષર અને નાણાકીય દૃષ્ટિએ સાક્ષર હોવા વચ્ચે મોટો તફાવત છે. બાળકોને નાણાકીય દૃષ્ટિએ સાક્ષર બનાવવા જોઈએ નાનપણથી જ તેમને નાણાંની લેવડદેવડ, બેન્કિંગ, બચત વિષે શીખવાડવું જોઈએ. બાળકના મોટા થવાની સાથે પ્રક્રિયા ચાલુ રહેવી જોઈએ અને રોકાણના વિવિધ વિકલ્પ, બજારો વિષેનું જ્ઞાન દરેક રોકાણના તમામ પાસા સમજવામાં મદદરૂપ થશે. હાંસલ થઈ શકે એવા અને વાસ્તવિક લક્ષ્ય નક્કી કરવા એ રોકાણની યોગ્ય શરૂઆત છે.

હિસાબ પાકો
અર્ણવ પંડ્યા
સર્ટિફાઇડ ફાઇનાન્શિયલ પ્લાનર
arnavpandya@gmail.com

જરૂરિયાત વિષે સર્વગ્રાહી દૃષ્ટિકોણ

બાળકો માટે નાણાકીય આયોજનના બે અટપટા પાસાં છે. એક, આયોજન બહુ લાંબા સમય માટે કરવું પડે છે કારણ કે શિક્ષણ અને લગ્ન ખર્ચ જેવી જરૂરિયાત કેટલાક વર્ષ પછી ઊભી થશે. આ લહેરિયત પ્રક્રિયાને થોડી મુશ્કેલ બનાવે છે. કેટલાક વર્ષ પછી શું સ્થિતિ હશે તેની કલ્પના કરવી પડે છે. આ એટલું સરળ નથી. બીજું, ફંડની જરૂરિયાત માટે અંદાજ કાઢવામાં મુશ્કેલી પડે છે કારણ કે ફુગાવો કેટલો હશે એ વિષે કોઈ ખ્યાલ નથી હોતો. રોકાણનો માર્ગ શોધવાનું પણ સહેલું નથી.

નાણાકીય સલાહકાર

બાળકો માટે રોકાણનો વિકલ્પ પસંદ કરવામાં મુશ્કેલી પડે છે. વિવિધ વિકલ્પ વિષે જરૂરી જ્ઞાન ન હોય તો નાણાકીય સલાહકારની સેવા લેવી જોઈએ. તે એકંદર સ્થિતિનું યોગ્ય ચિત્ર રજૂ કરશે. હવે રોકાણ સલાહકાર માટેના નિયમનો પણ અમલમાં છે. આ ક્ષેત્ર પણ નિયંત્રિત હોવાથી રોકાણકારને ગુણવત્તાયુક્ત સેવા મળશે. રોકાણની સમગ્ર પ્રક્રિયા કેવી રીતે હાથ ધરવી અને કેમ આગળ વધવું એની માર્ગરેખા ઉપલબ્ધ થશે.

શિસ્તબદ્ધ રોકાણ

વ્યક્તિના જીવનમાં રોકાણ ક્ષેત્રે લેવાતું દરેક પગલું તેને અંતિમ લક્ષ્ય ભણી દોરી જાય છે. તવંગર બનવા માટે ઝડપી ફાયદાની અપેક્ષા રાખવી નહીં. વાસ્તવિક જીવનમાં સંપત્તિમાં વૃદ્ધિ ધીમી અને અસમાન હોય છે એટલે ધીરજ અને શિસ્તની જરૂર પડે છે. બાળક માટે રોકાણ કરતી વખતે આનો અનુભવ થાય છે. ટૂંકા ગાળામાં લાભ ન મળે તો નિરાશ થવું અથવા નાનો ફાયદો થાય ત્યારે ઉત્તેજિત થવું ઉચિત નથી. લાંબા ગાળા માટે નિયમિત રોકાણ કરવાનું છે એ હકીકત ધ્યાનમાં રાખવી જોઈએ. શિસ્તનું પાલન કરવાથી પરિણામ સારું આવશે.

રોકાણની ફાળવણી

રોકાણ માટે પસંદ કરેલા પ્રોડક્ટના પ્રકાર પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે રોકાણની જુદા જુદા સાધનમાં ફાળવણી પ્રત્યે ધ્યાન આપવાની જરૂર છે. ફાળવણી મુખ્યત્વે ઋણ (સાધન) અને ઇક્વિટી વચ્ચે હોય છે. ક્યારેક સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓ વચ્ચે પણ ફાળવણી કરવામાં આવે છે. ઇક્વિટીઝમાં પોર્ટફોલિયો હોવો જોઈએ. આનાથી વળતરને ઉત્તેજન મળશે. ઋણ સાધનમાં ફાળવણી છે કારણ કે ફુગાવો કેટલો હશે એ વિષે કોઈ ખ્યાલ નથી હોતો. રોકાણનો માર્ગ શોધવાનું પણ સહેલું નથી.

નાણાકીય સલાહકાર

બાળકો માટે રોકાણનો વિકલ્પ પસંદ કરવામાં મુશ્કેલી પડે છે. વિવિધ વિકલ્પ વિષે જરૂરી જ્ઞાન ન હોય તો નાણાકીય સલાહકારની સેવા લેવી જોઈએ. તે એકંદર સ્થિતિનું યોગ્ય ચિત્ર રજૂ કરશે. હવે રોકાણ સલાહકાર માટેના નિયમનો પણ અમલમાં છે. આ ક્ષેત્ર પણ નિયંત્રિત હોવાથી રોકાણકારને ગુણવત્તાયુક્ત સેવા મળશે. રોકાણની સમગ્ર પ્રક્રિયા કેવી રીતે હાથ ધરવી અને કેમ આગળ વધવું એની માર્ગરેખા ઉપલબ્ધ થશે.

શિસ્તબદ્ધ રોકાણ

વ્યક્તિના જીવનમાં રોકાણ ક્ષેત્રે લેવાતું દરેક પગલું તેને અંતિમ લક્ષ્ય ભણી દોરી જાય છે. તવંગર બનવા માટે ઝડપી ફાયદાની અપેક્ષા રાખવી નહીં. વાસ્તવિક જીવનમાં સંપત્તિમાં વૃદ્ધિ ધીમી અને અસમાન હોય છે એટલે ધીરજ અને શિસ્તની જરૂર પડે છે. બાળક માટે રોકાણ કરતી વખતે આનો અનુભવ થાય છે. ટૂંકા ગાળામાં લાભ ન મળે તો નિરાશ થવું અથવા નાનો ફાયદો થાય ત્યારે ઉત્તેજિત થવું ઉચિત નથી. લાંબા ગાળા માટે નિયમિત રોકાણ કરવાનું છે એ હકીકત ધ્યાનમાં રાખવી જોઈએ. શિસ્તનું પાલન કરવાથી પરિણામ સારું આવશે.

રોકાણની ફાળવણી

રોકાણ માટે પસંદ કરેલા પ્રોડક્ટના પ્રકાર પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે રોકાણની જુદા જુદા સાધનમાં ફાળવણી પ્રત્યે ધ્યાન આપવાની જરૂર છે. ફાળવણી મુખ્યત્વે ઋણ (સાધન) અને ઇક્વિટી વચ્ચે હોય છે. ક્યારેક સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓ વચ્ચે પણ ફાળવણી કરવામાં આવે છે. ઇક્વિટીઝમાં પોર્ટફોલિયો હોવો જોઈએ. આનાથી વળતરને ઉત્તેજન મળશે. ઋણ સાધનમાં ફાળવણી લક્ષ્યના પ્રકારના આધારે કરવી જોઈએ. સોના અથવા ચાંદીમાં રોકાણ ભવિષ્યમાં તેના ઉપયોગના આધારે કરવું જોઈએ.

કોઈને ઉપહાર આપવા અથવા દાગીના માટે તેનો ઉપયોગ કરી શકાય. દરેક વ્યક્તિની સ્થિતિ જુદી હશે એટલે આ દિશામાં વ્યક્તિગત પ્રયાસ થવો જોઈએ.

સાધનો

એક વાર રોકાણની ફાળવણી નિશ્ચિત થઈ જાય એટલે લક્ષ્ય હાંસલ કરવા માટે વિવિધ સાધન પસંદ કરવાનું મુશ્કેલ નથી. સાધનની પસંદગી કરતી વખતે કેટલીક શરતોનું પાલન કરવું પડે છે.

બાળકો માટે નાણાકીય આયોજનનાં બે અટપટાં પાસાં છે

વીમાની પૉલિસીમાં કવરેજ માતા-પિતાના જીવન માટે હોય છે, બાળક માટે નહીં. માતા-પિતાને કોઈ દુર્ઘટના નડે અથવા કંઈ અજુગતું બને તો બાળકનાં ભાવિ વિષે અનિશ્ચિતતા રહેતી નથી.

મ્યુચ્યુઅલ ફંડ પણ વ્યક્તિને જરૂરી વિકલ્પ પૂરો પાડે છે. ચાઇલ્ડ પ્લાન પસંદ કરવાનું જરૂરી નથી કારણ કે ઋણ-ઇક્વિટીના મિશ્રણવાળા બીજા વિકલ્પ પણ આ કામગીરી પાર પાડી શકે છે. ક્યારેક થોડા ઇક્વિટી ફંડની પસંદગી અને પછી લાંબી મુદતના બોન્ડમાં રોકાણ પણ સાનુકૂળ રહેશે.

એક અથવા બે લક્ષ્યની પ્રાપ્તિ બાળકની આર્થિક હાલત નિશ્ચિત નહીં કરે. બાળક માટે એવી યોજના હોવી જોઈએ જે અનેકવિધ લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે. રોકાણ દ્વારા કંઈક હાંસલ કરવાનો સુનિયોજિત પ્રયાસ થવો જોઈએ. સંતાન થોડું મોટું થાય પછી વિચાર કરીશું એવો અભિગમ ત્યજીને વહેલામાં વહેલી તકે રોકાણ શરૂ કરી દેવું જોઈએ જેથી લક્ષ્ય હાસલ કરવા માટે જરૂરી સમય ઉપલબ્ધ થાય.

વીમા યોજના વિવિધ પ્રકારનાં બોનસ ઑફર કરે છે

મૂળ રકમ ઉપરાંત કોઈ વધારાની રકમ કે વળતર મળે એ 'બોનસ' છે. જીવન વીમા પૉલિસીને પણ આ લાભ મળે છે. આ સંદર્ભમાં, બોનસ એ વધારાની રકમ છે, જે વાર્ષિક ધોરણે પૉલિસી પર ઉમેરાતી જાય છે. આ રકમ વીમા કંપની પ્લાનની મેચ્યુરિટી વખતે પૉલિસીધારકને ચૂકવે છે અથવા આકસ્મિક મૃત્યુ થાય ત્યારે ધારકના પરિવારજનને રકમ ચૂકવે છે.

પૉલિસીધારકોએ ચૂકવેલા પ્રીમિયમની રકમ વીમા કંપનીના લાઈફ ફંડમાં જાય છે. કંપની દ્વારાની રકમ ચૂકવવા આ ભંડોળનો ઉપયોગ કરે છે. અપેક્ષિત વળતર મેળવવા લાઈફ ફંડનો મોટો હિસ્સો ગવર્નમેન્ટ-સિક્યોર્ડ ઋણસાધનમાં રોકવામાં આવે છે અને નાના હિસ્સાનું રોકાણ ઇક્વિટીમાં કરાય છે. કંપની દ્વારા કરાયેલાં રોકાણમાંથી થતી કમાણી અને દાવા અંગેના અનુભવના આધારે સરપ્લસનો હિસ્સો બોનસના સ્વરૂપમાં વિથ-પ્રોફિટ પૉલિસીધારકોને વિતરિત કરવાનો કંપનીનો હેતુ છે.

અંડરરાઇટીંગ એસેટ્સ પર વળતર, આગલા વર્ષમાં ઘોષિત બોનસનું લેવલ અને જોખમો-હપ્તાની ગણતરી વિષેની બીજી ધારણાઓ જેવા વિવિધ પરિબળનો વિચાર કર્યા બાદ બોનસ રેટ નક્કી કરવામાં આવે છે.

બોનસ પરંપરાગત પ્લાન પર ઓફર કરવામાં આવે છે, જે પ્લાનના માળખામાં સમાવિષ્ટ હોય છે. બોનસ મેળવવા માટે વિથ-પ્રોફિટ અથવા પાર્ટિસિપેટિંગ પૉલિસી ખરીદવી જરૂરી છે. આ પૉલિસીધારકોને બોનસ તરીકે સરપ્લસ (નફા)માં હિસ્સો મળે છે.

બોનસના પ્રકાર

સિમ્પલ રિવર્ઝનરી બોનસ (એસઆરબી) :



આ બોનસની ગણતરી માત્ર એઝ્યોર્ડ રકમ પર કરવામાં આવે છે. આ બોનસ વાર્ષિક ધોરણે જાહેર થાય છે અને ક્લેમ અથવા મેચ્યુરિટી વખતે ચૂકવવા માટે એકઠું કરવામાં આવે છે.

કમ્પાઉન્ડ રિવર્ઝનરી બોનસ (સીઆરબી):

એઝ્યોર્ડ રકમ અને અગાઉ એકઠાં થયેલાં તમામ બોનસની ટકાવારી તરીકે સીઆરબીની ગણતરી કરવામાં આવે છે.

કયા પ્રકારનું બોનસ લાભદાયી છે, એ સમજવા માટે ઉદાહરણ લઈએ...

રાહુલ ખન્ના રૂા. ૫,૦૦,૦૦૦ની એક એવી બે પાર્ટિસિપેટિંગ પૉલિસી ધરાવે છે. ધારો કે પ્રથમ પૉલિસી પર તેને સિમ્પલ રિવર્ઝનરી મેથડના ઉપયોગ દ્વારા બોનસ મળે છે તથા બીજી પૉલિસી પર કમ્પાઉન્ડ રિવર્ઝનરી મેથડના ઉપયોગ દ્વારા બોનસ મળે છે.

એક પૉલિસી પર એઝ્યોર્ડ રકમના પ્રતિ હજાર રૂા. ૨૫ એસઆરબી જાહેર થયું અને બીજી પૉલિસી પર પૉલિસી ટર્મ દરમિયાન ૩ ટકા સીઆરબી જાહેર કરવામાં આવે છે. ૧૦ વર્ષમાં એસઆરબીની સરખામણીએ એકઠું થયેલું સીઆરબી ઘણું વધુ છે.

ટર્મિનલ બોનસ :

પરસિસ્ટન્સી બોનસ તરીકે પણ ઓળખાતું ટર્મિનલ બોનસ એ પાર્ટિસિપેટિંગ પૉલિસીની એકંદર કામગીરી દર્શાવવા માટે ચૂકવાતું બોનસ છે. ટર્મિનલ બોનસ મેચ્યોરિટી વખતે અથવા પૉલિસીધારકના મૃત્યુ વખતે ચૂકવાય છે. આ પ્રકારનું બોનસ પૂર્વનિર્ધારિત સમય સુધી પૉલિસી જાળવી રાખ્યા બાદ અપાય છે અને વીમા કંપનીની મુનસફીએ ઓફર કરાય છે.

ઈન્ટરિમ બોનસ : ઈન્ટરિમ બોનસ પાકતી પૉલિસી પર અથવા બે બોનસની ઘોષણાની તારીખ દરમિયાન એઝ્યોર્ડ વ્યક્તિના અવસાન બાદ દાવો કરવામાં આવે ત્યારે ચૂકવાય છે. ગયા નાણાકીય વર્ષના અંતે જાહેર થયેલું બોનસ પૉલિસીમાં એકઠું થઈ ગયું હોય, પરંતુ બોનસ ડિક્લરેશન ડેટ અને મેચ્યોરિટી/ક્લેમ ડેટ વચ્ચે ટૂંકો ગાળો હોઈ શકે, જેના માટે પૉલિસીને બોનસ મળ્યું નથી. આવા કિસ્સામાં, કંપની દ્વારા ઘોષિત ઈન્ટરિમ બોનસ રેટનો ઉપયોગ કરી પ્રમાણસર ધોરણે બોનસ ઉમેરવામાં આવે છે. ઈન્ટરિમ બોનસ સુનિશ્ચિત કરે છે કે વર્ષના મધ્યમાં બેનિફિટ ક્લેમ કરનારા પૉલિસીધારકને વર્ષના તે ભાગ માટે પૉલિસી અમલમાં રાખવા બદલ ક્રેડિટ મળે.

કૅશ બોનસ : વીમા કંપની બોનસ કૅશમાં આપવાનો નિર્ણય પણ લઈ શકે છે એટલે કે એક વર્ષમાં એકઠું થયેલું બોનસ પૉલિસીધારકને વર્ષના અંતે ચૂકવવામાં આવશે. પૉલિસીધારકને વર્ષે-વર્ષે બોનસ પ્રાપ્ત કરવાની તક મળે છે. મેચ્યોરિટી સુધી બોનસની રાહ જોવી પડતી નથી.

તમારો પ્લાન કયા પ્રકારનું બોનસ ઑફર કરે છે એ અગાઉ (પૉલિસી ખરીદતા પહેલાં) જાણી લેવું યોગ્ય છે. પ્લાનના બ્રોશરમાં આનો ઉલ્લેખ હોય છે. એજન્ટ પાસેથી પણ માહિતી મેળવી શકાય. પરંપરાગત પ્લાન પસંદ કરતી વખતે બોનસ રેટની તપાસ કરો. આ દર સામાન્યતઃ કંપનીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરાય છે અને વિશિષ્ટ પૉલિસીમાંથી તમને કયા પ્રકારનો ફાયદો થશે એનો ખ્યાલ આવશે.

નિવૃત્તિ માટે નાણાં આયોજનનું મહત્ત્વ

વધતા ફુગાવાની સાથે ભારતમાં નિવૃત્તિ આયોજન પર ધ્યાન કેન્દ્રિત થયું છે. નિવૃત્તિ માટે આયોજન કરવા નીચે મુજબ પગલાં લઈ શકાય :

૧. તમારા વર્તમાન ખર્ચની યાદી તૈયાર કરો. ઘરેલું, જીવનશૈલી, પ્રવાસ, વીમા, અવલંબિત સભ્યો અને ઈએમઆઈ જેવાં મથાળાં તમામ માસિક અને વાર્ષિક ખર્ચને આવરી લો.

૨. કયા ખર્ચ નિવૃત્તિના સમયમાં પણ ચાલુ રહેશે અને કયા નવા ખર્ચનો ઉમેરો થશે એ વિષે અંદાજ બાંધો. નિવૃત્તિમાં આરોગ્ય જતન ખર્ચ નોંધપાત્ર રહેવાની શક્યતા છે.

તમારી જોખમ લેવાની ક્ષમતાનું પણ વિચારો

૩. ખર્ચના આંકડામાં ફુગાવાનો સમાવેશ કરો.

૪. નિવૃત્તિ વય નક્કી કરો. સામાન્ય રીતે ૫૮ વર્ષ નિવૃત્તિની વય ગણાય છે.

૫. આયુષ્ય ૮૫ વર્ષનું ધારી શકાય. તમારી સ્થિતિને આધારે આ ધારણા વધુ કે ઓછી હોઈ શકે.

આ બધી માહિતીનો ઉપયોગ કરી વિવિધ પર્સનલ ફાઇનાન્સ વેબ સાઇટ પર ઉપલબ્ધ રિટાયરમેન્ટ કેલ્ક્યુલેટરની મદદ વડે નિવૃત્તિ ભંડોળની ગણતરી કરી શકાય. તમે આર્થિક



રોહિત શાહ
સીએફપી

જુઓ. ૫૮ વર્ષ પછી લાંબા ગાળા માટે પાર્ટ ટાઇમ જોબ કરવા વિચાર કરો.

૩. વર્તમાન અને નિવૃત્તિ વય વચ્ચેના ગાળામાં નિવૃત્તિ માટે વધુ બચત કરો.

૪. નિવૃત્તિ માટેની બચત મ્યુચ્યુઅલ ફંડ મારફત ઇક્વિટીમાં રોકો.

૫. નિવૃત્તિ પછીના ભંડોળમાંથી થોડાં નાણાં મ્યુચ્યુઅલ ફંડ મારફત ઇક્વિટીમાં રોકી શકાય.

૬. બીજા નાણાકીય લક્ષ્યની સમીક્ષા કરો અને નિવૃત્તિ માટેની બચતને અગ્રતા આપો. ધારો કે તમારી યોજના દીકરીને અભ્યાસ માટે અમેરિકા મોકલવાની છે તો નાણાંની આંશિક જોગવાઈ તમે કરો અને બાકીની રકમ બૅંક લોન દ્વારા મેળવો. બૅંક લોનની પરત ચુકવણી પુત્રી કરશે. તેથી નિવૃત્તિ માટે તમને વધુ રોકાણ કરવાની તક મળશે. રોકાણ વિષે કોઈ પણ નિર્ણય લેતી વખતે તમારી જોખમ લેવાની ક્ષમતા પણ ધ્યાનમાં રાખવી જોઈએ.



Life Insurance - Pure Term Insurance Premiums as on 20th May, 2013

Premiums in Rs for the lowest term insurance covers for different sum assured. The term of the policy is 60 years minus the age

Sum Assured (Rs. In Lakh)	Age		
	30 years	40 Years	50 Years
10	AEGON Religare i-Term 1,809	AEGON Religare i-Term 2,821	AEGON Religare i-Term 4,876
20	AEGON Religare i-Term 3101	AEGON Religare i-Term 5124	AEGON Religare i-Term 7618
30	AEGON Religare i-Term 3978	AEGON Religare i-Term 6809	Kotak e-Preferred Term Plan 11377
40	AEGON Religare i-Term 5303	AEGON Religare i-Term 8359	Kotak e-Preferred Term Plan 14803
50	AEGON Religare i-Term 4606	AEGON Religare i-Term 7640	Tata AIA i-Raksha Supreme 14663
75	Tata AIA i-Raksha Supreme 6657	Tata AIA i-Raksha Supreme 11208	Tata AIA i-Raksha Supreme 21152
100	Bharti AXA e-Protect 8202	AEGON Religare i-Term 14270	Tata AIA i-Raksha Supreme 27641
125	Bharti AXA e-Protect 10253	Tata AIA i-Raksha Supreme 17978	Tata AIA i-Raksha Supreme 34551
150	Bharti AXA e-Protect 12304	AEGON Religare i-Term 21404	Tata AIA i-Raksha Supreme 41461
200	Tata AIA i-Raksha Supreme 15506	Tata AIA i-Raksha Supreme 27641	Tata AIA i-Raksha Supreme 54158

How to use this data: The premiums above are for a 30 year old healthy non-smoker male for 30 years tenure, for a 40-year-old for 20 years tenure and for a 50-year-old male for 10 years tenure for various sum assured.
Note: As per the age, tenure and sum assured the above mentioned plans are the cheapest in that category which can be purchased online only.

Source: Apnapaisa Research Bureau
www.apnapaisa.com